# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: અઆશુતોશ અંતાણી

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૮-૧૧-૨૦૨૪ ગુરુવાર સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## પ્રધાનમંત્રી-અષ્ટલક્ષ્મી મહોત્સવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં અષ્ટલક્ષ્મી મહોત્સવનો શુભારંભ કરાવતાં જણાવ્યું કે, ઇશાન ભારત દેશના વિકાસને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું કે , અષ્ટલક્ષ્મી મહોત્સવના લીધે ઇશાન ભારતના રાજ્યોમાં મૂડીરોકાણોની તકોમાં વધારો થશે. આ મહોત્સવના પગલે ઇશાન ભારતના ઉજ્જવળ ભાવિનો આરંભ થઇ રહ્યો છે. અને વિકસિત ભારતના મિશનને નવું બળ મળશે.

- (RNU અમદાવાદ)

---

## કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી-અમદાવાદ મુલાકાત:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદની મુલાકાતે આવશે. શ્રી શાહ આજે સવારે અમદાવાદમા ગ્લોબલ હોસ્પિટલનું ઉદઘાટન કરશે. ત્યાર બાદ તેઓ , શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર ગુજરાત લોકસેવા ટ્રસ્ટના વાર્ષિક ઉત્સવમાં હાજરી આપશે. શ્રી શાહ સાંજે BAPS અક્ષરધામના કાર્યકર્તા સ્વર્ણ જયંતિ ઉત્સવમાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સેહગલ પણ ભાગ લેશે.

- (RNU અમદાવાદ)

---

## મુખ્યમંત્રી-ભુજ નખત્રાણા માર્ગ સુધારણા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા માર્ગો સહિતના અગત્યના માર્ગોની માળખાગત વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી નખત્રાણા સુધીનો ૪૫ કિલો મીટર રોડ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર તરીકે વિકસાવવા રૂ.૯૩૭ કરોડ મંજુર કર્યા છે.

આ માર્ગ હાઈ સ્પિડ કોરીડોર થવાથી સુપ્રસિધ્ધ તીર્થ સ્થળ માતાના મઢ તેમજ નારાયણ સરોવર અને ધોરડો તથા સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે આવાગમન માટે ભવિષ્યમાં વધુ સુગમતા થશે.

એટલું જ નહિ, આ રસ્તો આંતરરાષ્ટ્રિય સરહદ અને પાનન્ધ્રો લિગ્નાઈટ માઈન્સને જોડતો સૌથી મહત્વનો માર્ગ હોવા ઉપરાંત આ અંતરિયાળ જિલ્લાને રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ દેશના અન્ય રાજ્યોના જિલ્લાઓ સાથે જોડતો રસ્તો પણ છે.

- (મા.ખા. ભુજ)

---

## ભુજ-સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ સમિતિ:

ભુજ કલેકટર કચેરી ખાતે ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવના અધ્યક્ષસ્થાને સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળ સમિતિની બેઠક યોજાઇ હતી.

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી આયોજીત બેઠકમાં વન રેન્ક , વન પેન્શનના પ્રશ્નો, શહિદ સૈનિકોની વિધવા પત્નીઓના પેન્શન સંલગ્ન પ્રશ્નો, ગેસ્ટહાઉસની સુવિધા, આરોગ્ય સેવા વિષયક સહિતના પ્રશ્નોની રજૂઆત સાથે તેના ઉકેલ માટે સમિતિના સભ્યો દ્વારા હકારત્મક ચર્ચા-વિચારણા કરાઇ હતી.

- (મા.ખા. ભુજ)

---

## રાજ્યસભા-કેન્દ્રીય કૃથી મંત્રી-ટેકાના ભાવ:

કેન્દ્ર સરકાર ખેડૂતોને પાક ઉત્પાદનના ખર્ચ કરતાં ઓછામાં ઓછા 50 ટકા વધુ ટેકાના ભાવ આપવા પ્રતિબદ્ધ છે. કેન્દ્રિય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે રાજયસભામાં પૂરક પ્રશ્નના જવાબમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે ડાંગર , ઘઉં, બાજરી સહિત વિવિધ પાકોના ટેકાના ભાવે કરાયેલી ખરીદીની વિગતો આપી હતી.

એમ.એસ.સ્વામીનાથમ સમિતિ દ્વારા કરાયેલી ભલામણો મુજબ વર્તમાન એનડીએ સરકારે કૃષિ ઉત્પાદન ખર્ચની સરખામણીએ 50 ટકા તોકેટલાક કિસ્સામાં 100 ટકા વધુ ટેકાના ભાવોના આધારે ખરીદી કરી છે.

- (RNU અમદાવાદ)

---

## ટીબી નિર્મુલન ઝુંબેશ:

સમગ્ર દેશમાં આજથી “૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ ”નો આરંભ કરાશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાષ્ટ્રીય ક્ષય નાબૂદી કાર્યક્રમ NTEP હેઠળ, ક્ષય રોગ અને મૃત્યુદરના પડકારોને પહોંચી વળવા આ અભિયાન હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત સમગ્ર દેશની સાથે સાથે ગુજરાતના દરેક જિલ્લાઓમાં પણ આ પહેલ હાથ ધરાશે.

- (RNU અમદાવાદ)

---

## ગૃહ રક્ષક દલ-નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ:

સમગ્ર દેશની સાથે રાજ્યમાં ગઇકાલે ગૃહરક્ષક દળ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિવસ ૨૦૨૪ની ઉજવણી અમદાવાદમાં કરવામાં આવી છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી એમ.કે.દાસે તમામ હોમગાર્ડસને ૬૨માં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિનની શુભકામના આપીને હોમગાર્ડઝની સેવાઓની પ્રસંશા કરી હતી.

આ પ્રસંગે રાજ્યકક્ષા રમતોત્સવમાં વિજેતા રમતવીરોને ટ્રોફી આપવામાં આવી હતી , તેમજ વર્ષ -૨૦૨૪ના કુલ-૨૦ **DG Disc**ના ચંદ્રક હોમગાર્ડઝ દળ-નાગરિક સંરક્ષણ તંત્રના અધિકારી, કર્મચારીઓને તેમજ માનદ્ અધિકારી, સભ્યોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## હવામાન:

જીલ્લામાં શિયાળો પોતાની પકડ વધુ મજબુત બનાવી રહ્યો છે. રાજ્યનું શીતમથક અબડાસા તાલુકાનું નલિયા ખાતે લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડીગ્રી સેલ્સિયસ ગઈકાલે નોન્ધાયુહ્તું. જયારે જીલ્લા મથક ભુજમાં નીચું તાપમાન ૧૦.૮ ડીગ્રી એ નોંધાયું હતું. જીલ્લાના માકપટમાં ઓશિયો સર્જાતા આગામી ચોમાસું સારું રહેવાની શક્યતા અનુભવીઓએ દર્શાવી હતી. દરમિયાન હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં જીલ્લામાં હવામાનમાં કોઈ મોટા ફેરફાર થવાની સંભાવના ન હોવાની સંભાવના દર્શાવાઈ હતી.

- (આશુતોષ અંતાણી)

---

## ક્રિકેટ:

પ્રવાસી ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે લોર્ડ્સ-ગાવસ્કર ટ્રોફી ટુર્નામેન્ટની એડીલેડ ખાતે રમાઈ રહેલી મેચમાં ગઈકાલે ભારતે પ્રથમ દાવમાં ૧૫૦ રન નોધાવ્યા હતા તો, પ્રથમ દિવસની મેચના અંતે ઓસ્ટ્રેલીયાએ એક વિકેટ ગુમાવી ૮૬ રણ કાર્ય હતા.

- (આશુતોષ અંતાણી)

---